તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૬૦ | ૧ ડિસેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; માગશર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો





# સંસદના બંને ગૃહોમાં નગરોટા મુદ્દે હોબાળો

**બંને ગૃહની કાર્યવાહી મોકૂફ : શહીદોનું અપમાન કરવામાં આવ્યું છે : કોંગ્રેસનો આક્ષેપ : સંસદના શિયાળુ સત્રમાં હોબાળો મચાવી રહેલ વિરોધ પક્ષના સભ્યોના હવે નોટબંધીના બદલે નગરોટા હુમલા મુદ્દે સરકારને ભીંસમાં લેવાના પ્રયાસો**



નવી દિલ્હી,તા. ૩૦

નોટબંધી બાદ અન્ય મુદ્દાઓને લઈને ભારે ધાંધલ ધમાલ આજે સંસદના બંને ગૃહોમાં જારી રહી હતી જેથી કામગીરી ખોરવાઈ ગઈ હતી. હજુ સુધી નોટબંધીને લઈને ધાંધલ ધમાલનો દોર ચાલી રહ્યો હતો. સંસદના શિયાળુ સત્રમાં ધમાલ મચાવી રહેલા વિપક્ષના સભ્યોએ આજે નોટબંધીના બદલે નગરોટા એટેક ઉપર કેન્દ્ર સરકારને ઘેરવાના પ્રયાસ કર્યા હતા. આજે પણ સંસદના બંને ગૃહોમાં ભારે ધાંધલ ધમાલ જારી રહી હતી જેથી લોકસભા અને રાજ્યસભાની કામગીરી ખોરવાઈ ગઈ હતી. વારંવાર કાર્યવાહી ખોરવાઈ ગયા બાદ ફરીથી તેને મોકૂફ કરવાની ફરજ પડી હતી. રાજ્યસભાની કાર્યવાહી બીજી વખત શરૂ થયા બાદ સંસદમાં જય જવાન જય કિસાનના નારા લગાવવામાં આવ્યા હતા. જેડીયુના અધ્યક્ષ શરદ યાદવ અને નાણામંત્રી અરુણ જેટલી વચ્ચે બોલાચાલી થઈ હતી. કોંગ્રેસે નગરોટા એટેકના મામલે સંસદમાંથી વોકઆઉટ કર્યો હતો. પાર્ટીના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, સંસદના નિયમો છે કે જ્યારે પણ કોઈનું મોત થયા છે ત્યારે અમે તેનું સન્માન કરીએ છીએ. અમારા જે સૈનિકો શહીદ થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## પેટ્રોલના ભાવમાં ૧૩ પૈસાનો વધારો ડીઝલમાં ૧૨ પૈસા ઘટ્યા

નવી દિલ્હી, તા.૩૦

મોડી સાંજે જાહેર કરાયા મુજબ પેટ્રોલના ભાવમાં એક લીટરે ૧૩ પૈસાનો વધારો કરાયો છે જ્યારે ડીઝલના ભાવમાં એક લીટરે ૧૨ પૈસાનો ઘટાડો કરાયો છે. પેટ્રોલના ભાવમાં ઉત્તરોત્તર વધારો થતાં વાહન ચાલકો ભારે બોજ ઉઠાવી રહ્યા છે. ડીઝલના ભાવમાં થયેલો ઘટાડો આવશ્યક ચીજવસ્તુઓના ભાવને સમતોલ રાખવામાં મદદરૂપ બની શકે એમ છે. જોકે ડોલર સામે ગગડતો રૂપિયો આંતરરાષ્ટ્રીય બજારમાં ઘસાતો જાય છે. જેથી પેટ્રોલના ભાવમાં વધારો થઈ રહ્યો છે.

## ફિલ્મ શરૂ થતા પહેલા રાષ્ટ્રગીત વગાડવા સુપ્રીમનો આદેશ

**સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ આદેશ જારી : સ્ક્રીન પર તિરંગાને દર્શાવવા માટે સુચન : રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજનુ સન્માન કરવાની તમામ નાગરિકોને સુચના**




નવી દિલ્હી,તા. ૩૦

સુપ્રીમ કોર્ટે દેશભરના તમામ સિનેમાહોલમાં ફિલ્મ શરૂ કરતા પહેલા હવે રાષ્ટ્રગીત વગાડવા માટેના આદેશ જારી કરી દીધા છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે તામામ સિનેમાહોલમાં ફિલ્મ શરૂ કરતા પહેલા રાષ્ટ્રગીત વગાડવુ જોઈએ. સાથે સાથે સ્ક્રીન પર તિરંગા ધ્વજને દર્શાવવા માટે પણ કહેવામાં આવ્યુ છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે તમામ નાગરિકોને રાષ્ટ્રગીત અને રાષ્ટ્રીય ધ્વજનુ સન્માન કરવુ જોઈએ. સુપ્રીમ કોર્ટે આ આદેશ જારી કર્યા બાદ તેની ભારે ચર્ચા તમામ નિષ્ણાંતોમાં જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં એમ પણ કહ્યુ છે કે વૈપારિક ફાયદા માટે રાષ્ટ્રગીતનો ઉપયોગ કરવો જોઈએ નહી. કોર્ટે એમ પણ કહ્યુ છે કે રાષ્ટ્રગીતને વાંધાજનક

● અનુસંધાન પાન-૭ પર

# કરવેરા કાયદામાં ૨૦૦ ટકા દંડની જોગવાઈ યથાવત

**ઈન્કમટેક્સ એક્ટની ૨૭૦એ હેઠળ મિસરિપોર્ટિંગ ઈન્કમ માટે ૨૦૦ ટકાના દંડની જોગવાઈ યથાવત રાખવામાં આવી છે : કરવેરા કાયદામાં ભ્રમ ફેલાવવા બદલ કેજરીવાલ પર તીવ્ર પ્રહાર**



નવી દિલ્હી,તા. ૩૦

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે ટેક્સ કાયદામાં કરવામાં આવેલા ફેરફાર બિલકુલ સ્પષ્ટ છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, ઈન્કમટેક્સ એક્ટની કલમ ૨૭૦એ હેઠળ આવક અંગે ગેરમાર્ગે દોરનાર અથવા તો ખોટી માહિતી આપનાર માટે ૨૦૦ ટકાનો દંડ હજુ પણ યથાવત છે. અરુણ જેટલીએ ટ્વિટર પર આજે આ મુજબનો ખુલાસો કર્યો હતો. અગાઉ કેજરીવાલે ઘણા પ્રશ્નો ઉઠાવ્યા હતા. બ્લેકમની જાહેર કરવા ઉપર દંડની રકમ ૨૦૦ ટકાથી ઘટાડીને કેમ ઓછી કરી દેવામાં આવી છે તેના કેજરીવાલના પ્રશ્ન બાદ અરુણ જેટલીએ આજે ખુલાસો કર્યો હતો. ૨૦૦ ટકાથી ઘટાડીને દંડની રકમ ૧૦ કરવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# આજે પાસના હોદ્દેદારો સાથે રાજ્ય સરકાર વાતચીત કરશે

**વાતચીતમાં હાર્દિક પટેલ ઉપસ્થિત રહેશે નહીં : ૧૧ સભ્યોની બનેલી પાસ ટીમ નીતિન પટેલના નેતૃત્વમાં પ્રધાનોના ગ્રુપ સાથે ગાંધીનગરમાં વિસ્તૃત વાતચીત કરશે**

અમદાવાદ,તા. ૩૦

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનરોએ સરકાર સમક્ષ ચાર માંગો મુકી દીધી છે જે આધાર પર વાતચીત કરવાની ઈચ્છા આ લોકોએ દર્શાવી છે. ગુજરાત સરકાર સાથે પાસની ૧૧ સભ્યોની ટીમ વાતચીત કરશે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે. મળેલી માહિતી મુજબ સરકારે હાર્દિક પટેલને પણ આમંત્રણ આપ્યું છે પરંતુ કોર્ટના આદેશ મુજબ જાન્યુઆરી ૨૦૧૭ પહેલા તે ગુજરાત જઈ શકે તેવી સ્થિતિમાં નથી જેથી ૧૧ સભ્યોનું પ્રતિનિધિમંડળ ગુજરાત સરકાર સાથે વાતચીત કરશે. પાટીદાર સમુદાયના લોકો કેટલીક માંગ ઉપર હજુ પણ મક્કમ દેખાઈ રહ્યા છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનરો ચાર માંગણી ઉપર મક્કમ છે. ગાંધીનગરમાં આવતીકાલે ગુરુવારના દિવસે સૂચિત વાતચીત યોજાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પાટીદાર ક્વોટા અનામત આંદોલન લીડર હાર્દિક પટેલે મંગળવારના દિવસે ઉદયપુરમાં પોતાના કામચલાઉ આવાસ ઉપર કન્વીનરોની એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં સમુદાયના સભ્યોએ પોતાની માંગણી ઉપર મક્કમ રહેવાની વાત કરી હતી. અનામત ઉપર મક્કમ રહેવાની માંગ રજૂ કરવામાં આવી હતી. ગુજરાતના જુદા જુદા ભાગોમાંથી આવેલા આશરે ૨૦૦ સભ્યોએ આમા ભાગ લીધો હતો. આ બેઠક પોલીસની બાજ નજર હેઠળ યોજાઈ હતી. કારણ કે, પહેલાથી જ સૂચના આપવામાં આવી હતી. સ્થળ ખાતે પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ ગોઠવી દેવામાં આવ્યા હતા. સીઆઈડીના અધિકારીઓએ વિડિયો રેકોર્ડિંગની કામગીરી પણ હાથ ધરી હતી. હાર્દિકે મોડેથી કહ્યું હતું કે, હવે વધુ લોલીપોપ સ્વિકારવામાં આવશે નહીં. રાજ્ય સરકારે અગાઉ ગેરમાર્ગે દોરવાના ઘણા પ્રયાસો કર્યા છે. આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી પહેલા શાંતિ મંત્રણા માટે અમને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ૧૧ સભ્યોની ટીમ રચાઈ ગઈ છે જે ગુરુવારના દિવસે સંબંધિત સત્તાવાળાઓ સાથે વાતચીત કરશે. ચાર શરતો જેના આધાર પર વાતચીત થનાર છે તેમાં પાસના નેતાઓ કોમ્યુનિટી માટે ઓબીસી દરજ્જાની માંગ ઉપર મક્કમ રહેશે. આ ઉપરાંત પોલીસ કાર્યવાહીમાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને ચાર લાખ રૂપિયાની વળતરની માંગનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્ય સરકાર પાસેથી એવી માંગ પણ કરવામાં આવી છે કે, રાજદ્રોહના આરોપો આંદોલન દરમિયાન કેટલાક કાર્યકરો ઉપર મુકવામાં આવ્યા હતા જેને પરત ખેંચવામાં આવે. હાર્દિકના કામચલાઉ આવાસ ઉપર યોજાયેલી આ બેઠકમાં જયપુરથી આવેલા ગુર્જર નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### પાસની માંગણી શું છે...

- પાટીદાર સમુદાય માટે ઓબીસી દરજ્જાની માંગ
- જાહેર સભા દરમિયાન ગોળીબાર અને લાઠીચાર્જ માટે જવાબદાર પોલીસ અધિકારી અથવા તો જવાનને સસ્પેન્ડ કરવાની માંગ
- પોલીસ કાર્યવાહીમાં માર્યા ગયેલા લોકોના પરિવારને ચાર લાખ રૂપિયાના વળતરની માંગ
- દરેક ભોગ બનેલા વ્યક્તિના પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપવાની માંગ

# પ્રધાનમંત્રી ૧૦મીએ ડીસા આવશે

**મોદીની ઉત્તર ગુજરાતની યાત્રાને લઇને તૈયારી શરૂ : પ્રચંડ જાહેરસભા, અન્ય કેટલાક કાર્યક્રમોમાં વડાપ્રધાન મોદી ખાસ હાજરી આપશે : ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ**



ગાંધીનગર,તા. ૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૦મી ડિસેમ્બરે બનાસકાંઠાના ડીસા ખાતે ડેરી પ્લાન્ટના ઉદઘાટન માટે આવી રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે પ્રધાનમંત્રી સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત બાદ હવે ઉત્તર ગુજરાતમાં ડીસેમ્બર મહિનામાં મુલાકાત લઈ રહ્યા છે. સરકારી કાર્યક્રમની સાથે સાથે ડીસા કે પાલનપુરમાં જંગી જાહેરસભાને સંબોધન પણ કરશે.

નોટબંધી બાદ પ્રથમ વખત ગુજરાત આવતા નરેન્દ્રભાઈ મોદી આક્રમક ભાષામાં વિરોધીઓને જડબાતોડ જબાવ આપશે એમ જાણકાર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાતને લઈ તમામ તૈયારીઓ ભાજપના કાર્યકરો દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. ગુજરાત સરકાર અને રાજ્ય ભાજપ દ્વારા ઉત્તર ગુજરાતમાં મહાકાય જાહેરસભા યોજવા માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઘટનાક્રમ ઉપર નજર રાખી રહેલા સૂત્રોએ વિગત આપતા કહ્યું છે કે, પીએમઓને આ સંદર્ભમાં જાણ કરી દેવામાં આવી છે. બીજી બાજુ પીએમઓ દ્વારા પણ પ્રચંડ જાહેરસભા અને મોટા જાહેર કાર્યક્રમ અને ઉદ્ઘાટનની યોજના અંગે વિગત આપવા રાજ્ય સરકારને કહ્યું છે. ઓગસ્ટ બાદથી મોદીએ સૌરાષ્ટ્ર સહિત પાંચ વખત ગુજરાતની મુલાકાત લીધી છે જેમાં

● અનુસંધાન પાન-૭ પર

## નોટબંધીના પગલે ૧૫૦૦૦ મિલિયન નોટ નષ્ટ કરાશે

**આરબીઆઈ દ્વારા પ્રક્રિયા લાંબા સમય સુધી ચાલશે : મુંબઈ, બેલાપુર અને નાગપુરમાં ત્રણ સેન્ટરો ખાતે નોટને નષ્ટ કરવાની પ્રક્રિયા ચાલશે : વિદેશથી મશીનો મંગાવાયા**

નવી દિલ્હી,તા. ૩૦

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા હાલમાં જ બંધ કરવામાં આવેલી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટને નષ્ટ કરવા માટે એક વર્ષથી વધુનો સમય લેશે. મળેલી માહિતી મુજબ પહેલા ખુબ જ ઉંડાણપુર્વક મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. ત્યારબાદ અન્ય તમામ ગણતરી અને પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મળેલી માહિતી મુજબ મુંબઈ, બેલાપુર, નાગપુરમાં ત્રણ સેન્ટરો ઉપર નષ્ટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કરન્સી મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના એક વરિષ્ઠ અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે માહિતી આપતા કહ્યું છે કે, એકલા મુંબઈમાં જંગી નોટનો જથ્થો મોકલવામાં આવી રહ્યો છે. ૭૦૦૦૦થી ૮૦૦૦૦ જેટલી બેંગ ભરીને નોટ મોકલવામાં આવી રહી છે. આ વર્ષે આરબીઆઈ વિલંબ કરી શકે છે અથવા તો બંધ કરવામાં આવેલી નોટના જથ્થાને થોડાક સમય સુધી રાખી શકે છે. કર્મચારીનું કહેવું છે કે, ૭૦ ટકાથી વધુ બંધ કરવામાં આવેલી નોટને નષ્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ નોટમેળવવા માટેની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. નોટબંધીની જાહેરાત કરવામાં આવ્યા બાદથી જ આ પ્રક્રિયા શરૂ થઈ હતી. નોટને નષ્ટ કરવાની પ્રક્રિયા પણ તરત જ શરૂ કરવામાં આવી હતી. આરબીઆઈના રિપોર્ટ મુજબછેલ્લા નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૬૨૫ મિલિયન નોટ અને૫૦૦ની ૨૮૦૦ મિલિયન નોટ નષ્ટ કરવામાં આવી હતી. માર્ચ ૨૦૧૬ સુધી આ પ્રક્રિયા વધુ ઝડપથી હાથ ધરવામાં આવનાર છે. આરબીઆઈ દ્વારા વેરિફાઈની પ્રક્રિયા ચાલી રહી છે. દેશભરમાં ૧૯ સ્થળો ઉપર આ પ્રકારના વિશેષ મશીનો ગોઠવવામાં આવ્યા છે.











